PHONES:
Patan : 220228, 230068
Mobile : 9428518890, 9624630068
: 9424630066
E-mail : dptco123@gmail.com
Website: http://dpthakker.com/

**D.P.THAKKER & CO.**
TAX ADVOCATES
"SHREEKUNJ", STATION ROAD,
PATAN (N.G.) 384265


---

# MOST IMPORTANT

તારીખ: ૦૬-૦૨-૨૦૨૨

## GST INPUT TAX CREDIT માંગવાના નિયમોમાં ફેરફાર અંગે

**જાન્યુઆરી – ૨૦૨૨ થી GSTR -2B માં આવતી હોય તેટલીજ GST ની CREDIT માંગી શકાશે.**

ભાઈશ્રી,

GST કાયદામાં તા. ૦૧-૦૧-૨૦૨૨ થી GST INPUT TAX CREDIT (ITC) માંગવાનાં નિયમોમાં નીચે મુજબનો મહત્વનો ફેરફાર કરેલ છે.

1. જાન્યુઆરી – ૨૦૨૨ થી GSTR – 3B રિટર્નમાં GST પોર્ટલ ઉપર GSTR - 2B માં જે ITC આવતી હોય તેટલીજ ક્રેડીટ માંગી શકાશે. અને જે GST ની ITC GSTR – 2B માં ONLINE આવતી નહીં હોય તેની ક્રેડિટ માંગી શકાશે નહીં.

2. GSTR -2B માં ઓનલાઈન જે ITC આવેલ ન હોય તેમ છતાં જો GSTR-3B માં તેની ક્રેડીટ માંગવામાં આવશે તો ,
   (i) આવી વધારે માંગેલ ITC ૧૮% વ્યાજ તથા પેનલ્ટી સાથે ભરવી પડશે અને,
   (ii) GSTR-2B માં દેખાતી હોય તેના ૧૦% થી પણ વધારે ITC જો રીટર્નમાં માંગી હશે તો ડીપાર્ટમેન્ટ GST નંબર સસ્પેન્ડ / રદ કરી શકશે.

3. વેપારીઓ દરેક મહિનાનું GSTR-1 રીટર્ન પછીના મહિનાની ૧૧ તારીખ સુધીમાં (જો ત્રિમાસિક પત્રક ભરતા હોય તો ૧૩ તારીખ સુધીમાં ) ભરે તો જ તે ITC સામેવાળા ના GSTR -2B માં સમયસર દેખાશે અને તેની ITC માંગી શકાશે. જો GSTR -1 ૧૧ તારીખ પછી પણ ૨૦ તારીખ સુધીમાં ભરશે તો પણ તે ITC પછીના મહીનાના GSTR – 2B માં દેખાશે. એટલે તમે જે વેપારીઓ પાસેથી ખરીદી કરતા હો કે સર્વિસ મેળવતા હો તે વેપારીઓ તેમનું GSTR-1 રીટર્ન સમયસર ભરે તે ખુબજ જરૂરી છે. આની જાણ તમારા સપ્લાયર વેપારીઓને પણ કરવી. જેથી તેઓ તેમનું GSTR-1 રીટર્ન સમયસર ભરે.

કુશળ હશો.

લી.

કનુભાઈ-પિયુષભાઈ-નિખીલભાઈ

D.P.THAKKAR & CO